**અમદાવાદના મહે. 10માં જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં,**
**મુ. નવરંગપુરા, જી. અમદાવાદ (ગ્રામ્ય)**

ફોજદારી કેસ નંબર - 6836/2019
આંક -

ફરિયાદી - શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી - પૂનમબેન w/o જીતેન્દ્રભાઈ બાબુભાઈ દંતાણી

**ગુનો : - ધી પ્રોહિબીશન એક્ટની કલમ 66(1)(બી) અને 65E મુજબ**

**-: ઠ રા વ :-**

[1] આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે તે મુજબ સદર કેસ આજ રોજ લોક અદાલત/સ્પેશિયલ સીટિંગમાં રાખવામાં આવેલ છે.

[2] આરોપી ને પ્રોસેસ ઇસ્યુ કરતા તેઓ કોર્ટ રૂબરૂ વકીલશ્રી સાથે હાજર છે અને પોલીસ પેપર્સ ના કાગળો વિના મૂલ્ય આપ્યા ની ખાતરી કરી. આરોપી વિરુદ્ધ ચાર્જ ફ્રેમ કરી તથા પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વઈચ્છાએ ગુનો કબૂલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલ છે.

[3] આરોપી ગુનો કબુલતા પૂર્શિષ આપી જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો કરેલ છે અને અમો સામાન્ય અને ગરીબ વર્ગ ના છીએ અમારે કોઈ સ્થિર ધંધો નથી અને અમો છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવીએ છીએ. અમો અમારા કુટુંબ માં એકજ કમાવનાર સભ્ય છીએ. અમારા બાળ - બચા તથા અમારા કુટુંબ ની ભરણપોષણની જવાબદારી અમારા ઉપર છે. અમો ભવિષ્ય માં આવો કોઈ ગુનો કરીશું નહિ તેવી ખાતરી આપીએ છીએ જેથી અમારી સામાજિક અને આર્થિક પરિસ્થિતિ ને ધ્યાને રાખી ને અમારા ઉપર રહેમ રાહ રાખવા અરજ ગુજારેલ છે.

[4] આરોપી વિરુદ્ધ ગુના નો આક્ષેપ જોતા તથા આરોપીએ કરેલ ગુનાની કબૂલાત ધ્યાને લેતા અને વળી આરોપી આર્થિક તથા સામાજિક રીતે ગરીબ વર્ગ ના જણાઈ આવે છે તેમજ ભવિષ્ય માં બીજો કોઈ ગુનો નહિ કરવાની ખાતરી આપે છે. આરોપી એ જાહેર કરેલો પછતાવો તથા આરોપી ની વર્તણૂક તથા સામાજિક જવાબદારી ધ્યાને લેતા તથા કેસ નું રેકર્ડ વંચાણે લેતા આ કામ ના આરોપી નું પ્રથમ ગુનો હોવાનુ જણાઈ આવે છે જેથી મારું નમ્રપણે માનવું છે કે, આરોપી ઉપર રેહમ રાહ રાખી અને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજ માં ફરી વખત માનભેર જીવન શરૂ કરી અને સમાજ તથા દેશ ને ઉપયોગી થઈ શકે તેમ છે તે સંજોગો માં ઓછી સજા તથા દંડ કરવો તે આ અદાલત ને ન્યાયિક અને ઉચિક જણાય છે.

[6] વળી નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ***State of Gujarat v. Natwar Harchandji Thakor, 2005 (1) GLR 709*** ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે, “The word “Special” has to be understood in contradiction to word “general” or “ordinary”. It becomes apparent and unquestionable from the language employed in the provision that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused. જે પ્રસ્થાપિત સિદ્ધાંતને હાલના કેસની હકીકતો સાથે ધ્યાનમાં લેવામાં આવે તો, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઇ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુતમ સજા ની જોગવાઈ હોવા છતાં પણ ઓછામાં ઓછી

સજા અને દંડ કરવાની સત્તા છે. ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને તથા સંજોગોને અનુરૂપ થતો હોય તેમ જણાય આવે છે.

[7] સદર કેસનું રેકોર્ડ તથા ફરિયાદ પેપર્સ ધ્યાને લેતા તેમજ આરોપીની આર્થિક સ્થિતિ તથા સદર ગુના અંગે દયાની માંગણી જોતા, આરોપીને સજા કરતી વખતે ઉદાર વરણ રાખી સુધારવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતું હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

આ કામના આરોપીને ફોજદારી કાર્યરિતી સંહિતા, 1973 ની કલમ 241 મુજબ ઉપરોક્ત ગુનામાં દોષી ઠરાવી, આરોપીને રૂ. 100/- (આંકે રૂપિયા એક સો પૂરા) નો દંડ કરવામાં આવે છે અને કોર્ટ ઉઠતા સુધીની સજા નો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને દિન એકની સાદી કેદની સજા ભોગવવાનો હુકુમ કરવામાં આવ્યો. આ કામે મુદામાલ અંગે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અને જો ના હોય તો મુદ્દામાલ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવા અથવા નાશ કરવાનો હુકુમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. 09/12/2023 ના રોજ લોક અદાલત / સ્પેશિયલ સીટીમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ- 09/12/2023
અમદાવાદ (ગ્રામ્ય)

**(આદિત્ય રાજેશભાઈ ગોર)**
UIC No. GJ01709
દસમા એડી. જ્યુડી. મેજી. ફ. ક.
અમદાવાદ (ગ્રામ્ય)